# વરસાદ પગલે મકાઈ, દાળવડા, ભજીયાની જયાફત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં આજે ધોધમાર વરસાદ વરસતા નગરજનોએ તેની મન ભરીને મજા માણી હતી. વરસાદમાં ભીંજાવાની સાથે મકાઈ, દાળવડા, ભજીયાની જયાફત ઉડી હતી.

## માર્ગોની આસપાસ અમેરીકન મકાઈ, મગફળીની લારીઓની કતાર લાગી : દાળવડા-ભજીયા ખુટી પડ્યા

ગઈકાલે સાંજે જોરદાર વરસાદી ઝાંપટુ પડ્યા બાદ આજે પુનઃ મેઘરાજાએ બધડાટી બોલાવી હતી. સવારે અગિયાર વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી વધતો ઓછો વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં અજબ ઠંડક પ્રસરી ગઈ હતી. બાળકો અને યુવાનો વરસાદની મોજ માણવા માટે માર્ગો પર નીકળી પડ્યા હતા. વરસાદ થતાં જ માર્ગો પર ગરમાગરમ અમેરીકન મકાઈ વેચતી લારીઓ આવી ગઈ હતી. ગાંધીનગરથી અમદાવાદ તરફ જતાં માર્ગ પર ઘણી બધી લારીઓમાં અમેરીકન મકાઈ વેચાતી હતી. આ ઉપરાંત મગફળીની લારીઓ પણ ઠેર ઠેર જોવા મળી હતી. વરસાદમાં ભીંજાતા ભીંજાતા ગરમાગરમ મકાઈ-મગફળી ખાવાનું શહેરીજનો ચુક્યા ન હતા.

દાળવડા, ગોટા, ભજીયાની લારીઓ પર પણ તડાકો પડ્યો હતો. પ્રથમ વરસાદને આવકારતા સરકારી કચેરીઓમાં દાળવડા ગોટાની પાર્ટીઓ થતી જોવા મળી હતી. બપોર સુધીમાં તો દાળવડા-ગોટાની લારીઓ પર નો-સ્ટોક હોવાનું જાહેર કરવું પડ્યું હતું. નગરજનોએ ખુબ જ ઉત્સાહપૂર્વક વરસાદને વધાવ્યો હતો.

# મેઘરાજાની મુશળધાર એન્ટ્રીથી ખેડૂતો ખુશખુશાલ

## મગફળી, કપાસ, જુવાર અને શાકભાજીના પાકો જીવંત બન્યા, વાવણીલાયક વરસાદથી ખેતરો લહેરાયા

ચિલોડા, તા. ૪

ચિલોડા પંથકમાં સોમવારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીએ ચોમેર ખુશી પ્રસરાવી દીધી હતી. જતાં સૌ કોઈ એ હાંશકારો અનુભવ્યો હતો.

લાંબી રાહ જોવડાવ્યા પછી સોમવારના રોજ વરસાદ મન મુકીને અપેક્ષાએ ખેડૂતોએ ઉજવણી પણ કરી હતી. વરસાદના ઉજળા સંજોગો સર્જાતા હવે વરસાદ સમયસર આવશે તેવી અપેક્ષા પણ વધી ગઈ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જેમાં વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોના ચહેરા ઉપર તેજ ઉપસી આવ્યા હતા. ખેતરો પાણી પાણી થઈ જતાં કરેલુ વાવેતર જીવંત બન્યુ હતું. જેથી ખેડૂતોએ મેઘરાજાને વધાવી લઈ મેહુલિયો કાઢ્યો હતો. સર્વત્ર પાણી પાણી થઈ વરસ્યો હતો. જેમાં ચિલોડા પંથકમાં લગભગ ચાર કલાક સુધી વરસેલા વરસાદે સિમાડાઓમાં આવેલા ખેતરોને પાણીથી ભરચક કરી દીધા હતા. મગફળી, કપાસ, જુવાર અને શાકભાજીના પાકોને જરૂરી કુદરતી પાણી મળી રહેતા મબલખ પાકની તી. આશરે વીસ દિવસ સુધી ચાલે તેટલુ પાણી ખેતરોને મળી રહેતા ખેડૂત વર્ગ હાંશકારો અનુભવ્યો છે. જો કે મુશળધાર વરસાદથી વેપારી વર્ગ સહિતના તમામ લોકોએ આગામી સમય શ્રેષ્ઠ બની રહેશે તેવી આશા સેવી છે.

# અમદાવાદ આવતી અને જતી અનેક ટ્રેનોને અસર

## કેટલીક ટ્રેનોને રદ કરવાની તેમજ કેટલીક ટ્રેનોને ડાયવર્ટ કરવાની ફરજ : મુંબઈ-અમદાવાદ ટ્રેનોને પ્રતિકુળ અસર

અમદાવાદ, ૪

પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં સ્થિત વણગાંગ અને ડહાણુ વચ્ચે માલગાડી ખડી પડતા તેની માઠી અસર થઈ હતી. અમદાવાદ અને મુંબઈ વચ્ચેની અનેક ટ્રેનોને આના કારણે રદ કરવાની અથવા તો ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. જેના પરિણામ સ્વરૂપે અનેક ટ્રેનોમાં મુસાફરી કરતા લોકોને તકલીફ થઈ હતી. અમદાવાદ તરફ આવતી અને જતી કુલ ૧૬ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. એક ટ્રેનને ડાયવર્ટ કરવામાં આવી હતી. બે ટ્રેનો મોડેથી દોડી રહી છે.

મળેલી માહિતી મુજબ અમદાવાદ તરફ આવતી સાત ટ્રેન સહિત કુલ ૧૬ ટ્રેનને પશ્ચિમ રેલવે દ્વારા કેન્સલ કરવામાં આવી હોવાનું પશ્ચિમ રેલવે અમદાવાદના જનસંપર્ક અધિકારી પ્રદીપ શર્માએ જણાવ્યું હતું આ ટ્રેનમાં મુંબઈ અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ, અમદાવાદ મુંબઈ ગુજરાત એક્સપ્રેસ, મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ, અમદાવાદ - મુંબઈ ડબલ ડેકર એશી ટ્રેન, બ્રાંદ્રા-સુરત-જામનગર ઈન્ટરસીટી અને મુંબઈ પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ઉપરાંત મુંબઈ-ફિરોઝપુર જનતા એક્સપ્રેસ,બ્રાંદ્રા જમ્મુ તાવી, બ્રાંદ્રા વૈષ્ણોદેવી કટરા સ્વરાજ એક્સપ્રેસ, બ્રાંદ્રા વાપી પેસેન્જર, વિરાટ ભરૂચ શટલ, સુરત મુંબઈ ફ્લાઈંગ રાણી સુરત વિરાટ પેસેન્જર, વલસાડ મુંબઈ પેસેન્જર અને દહાણુ રોડ વિરાટ શટલ ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદ હરિદ્વાર યોગ એક્સપ્રેસ ટ્રેન બે કલાક મોડી દોડી રહી છે. જ્યારે યશવંતપુર બિકાનેર એક્સપ્રેસ ટ્રેનને ડાઈવર્ટ કરવામાં આવી છે. વલસાડ, નવસારી અને પાલઘર સ્ટેશનો ઉપરથી યાત્રિકોને મુંબઈ સુધી લઈ જવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. એટલું જ નહીં આ મામલે સ્થાનિક તંત્રની સાથે વાટાઘાટ ચાલી રહી છે. લાંબા અંતરની ટ્રેનો રદ કરવામાં આવતા અમદાવાદ અને મુંબઈ વચ્ચે મુસાફરી કરવા ઈચ્છુક અને મહત્વના કામથી અવર જવર કરનાર લોકોને ભારે મુશ્કેલી નડી હતી. જોકે ટેકનિકલ ખરાબીના કારણે અને સાવચેતીના પગલાંરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હજારોની સંખ્યામાં યાત્રીઓ લાચાર બન્યા હતા. બીજી બાજુ માલગાડી ખડી પડ્યા બાદ આને દુર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

# આજે સંસ્કૃતોત્સવ ઉજવાશે

સંસ્કૃતિ સાહિત્ય અકાદમી દ્વારા ૫ મી જુલાઈને મંગળવારના રોજ ટાગોરહોલ, અમદાવાદ ખાતે 'સંસ્કૃતોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઉક્ત કાર્યક્રમમાં મહામહિમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી તથા રાજ્યકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬ના સંસ્કૃત ભાષાના વેદ પંડિતોને સંન્માન, સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા સંસ્કૃત યુવા ગૌરવ પુરસ્કાર અને સંસ્કૃત કુટુંબોને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે સાહિત્યકારો તથા સંસ્કૃત પ્રેમીઓને સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા ભાવભર્યુ નિમંત્રણ છે.

# શહેરમાં પહેલા વરસાદમાં ચાર બાઈકચાલકો સ્લીપ થઈ જતા ઈજા

## માર્ગો પર વરસાદી પાણીમાં વાહનચાલકો અટવાયા, જયારે ૩ સ્થળે કાર જમીનમાં ખુંપી ગઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર પર આજે સવારથી જ મેઘરાજા મન મુકીને વરસી પડ્યા હતા. શહેરમાં પહેલા વરસાદમાં જ માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. વરસાદી માહોલમાં નગરના માર્ગો પર ૪ બાઈક ચાલકો સ્લીપ ખાઈ જતા સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે માર્ગો પર ભરાઈ ગયેલા પાણીમાં બાઈક બંધ થઈ જતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા. વરસાદી પાણીના પગલે જમીન પોચી થઈ જતા ઘર પાસે પાર્ક કરેલી અને માર્ગની સાઈડમાં ઉભી રાખેલી ગાડીઓ અચાનક ખુંપી જતા કલાકોની મહેનત બાદ ટ્રેકટર બોલાવી બહાર નીકાળવાની ફરજ પડી હતી. વરસાદી માહોલનો કેટલાક નગરજનોએ આનંદ માણ્યો હતો ત્યારે કેટલાક નાગરીકોને હેરાનગતિનો સામનો પણ કરવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. વરસાદને પગલે નગરના વિવિધ માર્ગો પર વાહનોમાંથી ટપકતા ઓઈલને પગલે માર્ગ ચીકાસવાળા બનતા ૪ બાઈક ચાલકો સ્લીપ ખાઈ



જતા બાઈકચાલકોને સામાન્ય ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ઓપીડી સારવાર બાદ ઘરે પરત ફર્યા હતા. જયારે નગરમાં સવા ચાર ઈંચ જેટલો વરસાદ પડતા શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર પાણી ભરાઈ જતા બાઈક અને ગાડીઓ બંધ થઈ જવાના કિસ્સા પણ બનવા પામ્યા હતા. જેને પગલે ઠેર ઠેર માર્ગો પર વાહન ચાલકો પોતાના વાહનને ધક્કા મારીને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની વ્યવસ્થા કરતા નજરે પડ્યા હતા. સતત વરસાદ અને બંધ વાહનને પગલે વાહનમાલિકો પરેશાન થઈ ગયા હતા.

જયારે કેટલાક સ્થળોએ ખોદકામ બાદ યોગ્ય પુરાઈ નહી થતા જમીન બેસી જવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. સેકટર-૭ ડીમાં ઘર પાસે પાર્ક કરેલી અલ્ટો કાર આગળના ભાગથી અંદર ખુપી જતા કલાકોની મહેનત બાદ કાર બહાર નીકાળી હતી. જયારે અન્ય એક બનાવમાં સેકટર-૩ માં તેમજ સરગાસણ વિસ્તારની સોસાયટીમાં પણ કાર ખુંપી જવાનો બનાવ બન્યો હતો. નગરજનો વરસાદ ખાબકતા આનંદિત થઈ ગયા હતા જયારે કેટલાક વરસાદને કારણે નગરજનો મુસીબતમાં મુકાઈ ગયા હતા.

## બે દિવસીય સાંસદોની બેઠક મોકુફ

પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, આજરોજ તા. ૪ જુલાઈથી આવતીકાલ તા. ૫ જુલાઈ દરમ્યાન પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં ગુજરાતના તમામ લોકસભા અને રાજ્યસભાના સાંસદોની બે દિવસીય બેઠક અમદાવાદ ખાતે મળનારી હતી. પરંતુ આવતીકાલ તા. ૫ જુલાઈના રોજ કેન્દ્રીય મંત્રીમંડળમાં થનારા વિસ્તરણ/ ફેરબદલના કારણે હાલ પુરતી મોકુફ રાખવામાં આવી છે.

## ચિલોડા બસ સ્ટેન્ડ પાસેથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર એસઓજી પોલીસની ટીમે બાતમીના આધારે એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડને ચિલોડા પાસેથી દબોચી લઈ ચિલોડા પોલીસને હવાલે કર્યો હતો. જિલ્લા પોલીસવડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાને પગલે ગાંધીનગર એસઓજીના પીએસઆઈ એમ. આર. પુવારની ટીમે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા સઘન કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન ચિલોડા પોલીસમથકની હદમાંથી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી રામપ્રકાશ જીવાજી બરંડા (રહે. કાકરાડુંગરા ગામ, ખેરવાડા, ઉદેપુર)ને ચિલોડા બસસ્ટેન્ડ પાસેથી દબોચી લીધો હતો અને ચિલોડા પોલીસને હવાલે કર્યો હતો. જેની આગળની તપાસ ચિલોડા પોલીસે શરૂ કરી છે.

## પ્રદેશ મહિલા મોરચાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૪

પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. ૪-૭-૨૦૧૬, સોમવારના રોજ મહિલા મોરચાનાં પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી ડૉ. જ્યોતિબેન પંડ્યાની અધ્યક્ષતામાં પ્રદેશ મહિલા મોરચાના પદાધિકારીઓ અને મહિલા ચેર પર્સન બહેનો સાથે એક બેઠક મળી હતી.

મોરચાના અધ્યક્ષા શ્રીમતી ડૉ. જ્યોતિબેન પંડ્યાએ બેઠકમાં બુથ સંરચના, બુથ દીઠ મહિલાઓની કામગીરી, પ્રશિક્ષણ શિબિર, કેન્દ્ર સરકાર-રાજ્ય સરકારની ઉપલબ્ધિઓ અને તેમની યોજનાઓ અંગેની માહિતી આપી હતી. તેમજ આગામી કાર્યક્રમો અંગેની ચર્ચા પણ કરવામાં આવી હતી.

આ બેઠકમાં મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રીમતી જશુબેન કોરાટે વરસાદનાં વધામણાં સાથે બહેનોનું સ્વાગત પ્રવચન આપેલ હતુ અને બેઠકનું સંચાલન પ્રદેશ મહામંત્રી હેમાલીબેન બોઘાવાલાએ કર્યું હતું.

# ગાંધીનગર લાયન્સ ક્લબનો છઠ્ઠીએ શપથવિધિ સમારોહ

## લાયન્સ ક્લબના પ્રમુખપદે નિમેષ રાવલ, લાયોનેસ ક્લબના પ્રમુખપદે દેવલ જોષી અને લીયોક્લબના પ્રમુખપદે કથન ત્રિવેદીનો શપથવિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર લાયન્સ ક્લબના પદનામિત પ્રમુખ નિમેષભાઈ રાવલ અને તેમની ટીમનો શપથવિધિ સમારોહ ૬ઠ્ઠી જુલાઈને બુધવારે યોજાશે. સાથોસાથ લાયોનેસ ક્લબના પ્રમુખ દેવલ જોષી અને લીયો ક્લબના પ્રમુખ કથન ત્રિવેદીનો શપથવિધિ યોજાશે.

રથયાત્રાના પાવન દિને બપોરે ૩.૩૦ કલાકે યોજાનાર શપથનવિધિ સમારોહના અતિથિવિશેષ પદે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે ઉપસ્થિત રહેશે. પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન



ભાવેશ પટેલ પદાધિકારીઓને શપથ લેવડાવશે. ગાંધીનગર લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર લાયન્સ ક્લબ છેલ્લા ત્રણ દાયકાથી સેવા અને ભ્રાતૃભાવના હેતુ અને હાર્દ સાથે કાર્યરત છે. શહેરના જનજીવન પર લાયન્સ ક્લબની સકારાત્મક છબી અંકિત થયેલી છે. વિવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં લાયન્સ ક્લબનું યોગદાન હંમેશા નોંધપાત્ર રહ્યું છે. ડિસ્ટ્રીક્ટ કક્ષાએ ગાંધીનગર ક્લબ દર વર્ષે સાતથી દસ એવોર્ડ જીતે છે.

# સિવિલ હોસ્પિટલના મેડીકલ સ્ટોરમાં વરસાદી પાણી ભરાયા

## પાણીને પગલે દવાને નુકશાન પહોંચી શકે તેવી શકયતા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગની પોલ પહેલા વરસાદે જ ખુલી જવા પામી છે. નવા બિલ્ડીંગમાં વોર્ડ તેમ અગાસીમાં વરસાદી પાણી ઠેરઠેર ઉતર્યા હોવાના કિસ્સા સામે આવ્યા છે. જયારે ગ્રાઉન્ડ ફલોર પર આવેલ મેડીકલ સ્ટોરમાં વરસાદી પાણી આવતા સ્ટાફ ચિંતિત બન્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગમાં બાંધકામને લઈ અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. નવી બિલ્ડીંગમાં પાણી તો વોર્ડમાં આવતું નથી દર્દીઓ હેરાન પરેશાન થાય છે. સિવિલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે શહેરમાં વરસેલા પહેલા વરસાદે જ પીઆઈયુ વિભાગની પોલ ખોલી નાંખી હોય તેવુ લાગી રહ્યું છે. બિલ્ડીંગના વિવિધ વોર્ડ તેમજ અગાસીની દિવાલોમાં ભેજને કારણે પાણી નીચે આવી રહ્યું છે. મેઘરાજા આજે મન મુકીને વરસતા નગરમાં પાણી પાણી થઈ ગયું હતું. ત્યારે નવી બિલ્ડીંગમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પર આવેલ મેડીકલ સ્ટોરમાં પણ વરસાદી પાણી આવી પહોંચ્યા હતા. દવા તેમજ ઈન્જેકશન રુમમાં પાણી આવતા સ્ટાફના કર્મચારીઓએ સિવિલ સતાધિશોને રજુઆત કરી છે. પીઆઈયુ વિભાગ દ્વારા વરસાદી પાણી આવતુ અટકે તે માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. પીઆઈયુ વિભાગની નવા બિલ્ડીંગમાં નાની અનેક ક્ષતિઓ દિનપ્રતિદિન બહાર આવી રહી છે એમા એક વધારો થવા પામ્યો છે.



ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ખાતે તાજેતરમાં બેઠક યોજાઈ હતી.ભાજપની કારોબારી બેઠકમાં શહેર ભાજપના આગેવાનો, હોદેદારો, કોર્પોરેટરો અને કાર્યકરો હાજર રહ્યા હતા. આ બેઠકમાં ભાજપ પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણીનું કાર્યકરો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે શહેર ભાજપ વોર્ડ નં-૬ ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર દ્વારા વિજયભાઈને હનુમાનજીની મુર્તિ ભેટ સ્વરુપે આપવામાં આવી હતી.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં થયેલી મેઘ મ્હેરને પગલે નગરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને વાહન ચાલકો પણ ફસાયા હતા.
- મેઘ મ્હેરને પગલે આજે દાળવડા-ગોટા અને ચાની લારીઓ પર ભારે ઘરાકી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં પડેલા વરસાદને પગલે વાતાવરણમાં ભારે ઠંડક પર્સરી જવા પામી છે.
- વિધાનસભા સંકુલ અને સ્વર્ણિમ સંકુલ નજીક ભરાયેલા પાણીના નિકાલ માટે મજૂરોને લગાવવા પડ્યા હતા.
- જિલ્લામાં વરસાદના આગમનને પગલે હવે ૧૧મીથી જિલ્લાની પ્રા. શાળાઓનો સમય બપોરનો થઈ જશે.
- જિલ્લા કલેક્ટરે ગ્રામ સંવાદ સેતુ માટે જિલ્લા વહીવટીતંત્રની ૧૦ ટીમો બનાવી છે અને આજે એક સાથે ૧૦ ગામોમાં ગ્રામ સંવાદના કાર્યક્રમો યોજાશે.

## કુડાસણમાંથી ગેરેજમાંથી ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કુડાસણ ગામે ગેરેજ આગળ મુકેલી કારમાંથી ટાયર તેમજ ગેસ સિલિન્ડર અને બેટરીની કોઈ ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે-૧૩માં આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા અરવિંભાઈ ભોલાપ્રસાદ કનોજીયા કુડાસણ ખાતેના સનરાઈઝ કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનમાં ગેરેજ ચલાવે છે જયાં દુકાન આગળ પાર્ક કરેલી અલ્ટો કાર નં જીજે-૧-કેજી-૮૦૭૩માંથી ટાયર કિ. રૂ. ૧૦૦૦ તથા પાસેની ચાની દુકાનમાંથી ગેસનો સિલિન્ડર અને બેટરી મળી કુલ રૂ. ૩૫૦૦ની ચોરી કરી કોઈ ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. આ ચોરી મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એસ.એચ. સોલંકી ચલાવી રહ્યા છે.

## મેનપાવરનું ટેન્ડર રદ કરવા બાબતે તપાસ માંગતા કોંગી કાઉન્સીલર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં આઉટ સોર્સિંગ મેન પાવર સ્કીલ્ડ સપ્લાયના ટેન્ડરને રદ કરવાના નિર્ણયની ન્યાયિક તપાસની માંગ કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે કરી છે.

કોંગી કાઉન્સીલર બારોટે આ અંગે મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં નવી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી જુના ઈજારદારની મુદત વધારવામાં આવે તો તેનાથી થનારા આર્થિક નુકશાનની જવાબદારી કોની તેવો અણિયાળો સવાલ પુછ્યો છે.

બારોટે જણાવ્યું છે કે સ્થાયી સમિતિની મંજૂરી માટે ટેન્ડર રજુ થયુ તો તંત્રએ ટેન્ડરોની ચકાસણી શું કરી હતી ? સ્થાયી સમિતિની અણ આવડતને લઈ ટેન્ડર મંજૂર કરાયું હતુ કે કેમ ? સ્થાયી સમિતિમાં મંજૂર થયેલ સમગ્ર પ્રક્રિયામાં તંત્ર અને શાસક પક્ષ બન્નેની મિલી ભગત હોય તેવી શંકા જાય છે. આ બાબતે તપાસ થાય તે જરૂરી છે.